સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

લૂંટફાટ, ચોરીના પાયામાં ચોકીદાર હોય છે,
ને બધી બાતમીના મૂળમાં, ચોકીદાર હોય છે.
ચોકીદાર હોય છે જાગૃત કદી ફસાયો નથી -
સહી સલામત - સહાયક, ચોકીદાર હોય છે...
(સૌનો વિશ્વાસુ - ચોકીદાર...)

હાઈકુ

ધનિકો લે છે
નિરાંતની નિંદર -
નિર્ભય બની...
(ચોકીદારમાં વિશ્વાસ)

સાચવી લે છે
બંને, એકમેક ને -
શ્રદ્ધા પૂર્વક...
(ઉદ્યોગપતિ અને ચોકીદાર)

ચિંતન

येन देवाः पवित्रेणात्मनं पुनते सदा ।
तेन सहस्रधारेण पावमानीः पुनन्तु नः ॥

આત્મિક અને માનસિક દોષ દુર્ગુણોનો ત્યાગ કરીને નિર્મળ અને પવિત્ર બનવામાં જ મનુષ્ય જીવનની સફળતા રહેલી છે. આત્મ કલંકથી મુક્ત બને છે. તે સંકુચિતતાના આવરણથી મુક્ત બની શકે તેવા કેટલાય ઉપાયો વેદોમાં વર્ણવવામાં આવ્યા છે. આથી વેદો વાંચવા અને વિચારવા યોગ્ય છે.

આ માનવજીવન કેટલાંયે પુણ્યકર્મોના ફળસ્વરુપે આપણને પ્રાપ્ત થયું છે. એનો સત્કર્મો માટે ઉપયોગ કરવાથી જ મનુષ્ય સનાતન આનંદ મેળવી શકે છે. વેદવાક્યોનું શિક્ષણ એ જ છે કે જીવનમાં મનુષ્યની હંમેશા પ્રગતિ થતી રહે છે, તેનું ક્યારેય પતન ન થાય, પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે કે તે બધા જ પ્રકારના દુર્ગુણો છોડી દે.

કોઈ મનુષ્યના જીવનની સફળતાનું માપ તેનામાં કેટલી પ્રબળ ઈચ્છા શક્તિ વિકસિત થયેલી છે. તેના આધારે જ નક્કી થાય છે. પ્રકૃતિની મહાન શક્તિઓ પણ માનવની ઈચ્છાશક્તિની સામે પરાજિય થઈ શકે છે. આ ઈચ્છાશક્તિ તેના ચારિત્ર્યથી જ ઉત્પન્ન થાય છે. તે ચારિત્ર્ય તેનાં કર્મો દ્વારા ઘડાય છે.

સુવિચાર

- બ્રહ્મચર્યનું પાલન અને માંસાહારના ત્યાગ કરતાં વરાળ અને વિજળીના આવિષ્કારમાં વધારે કરુણા અને માનવતા સમાયેલા છે - **ચેખોવ**
- કોઈ પણ વ્યક્તિએ આચરેલ અપરાધના દુષ્પરિણામો પોતાના કે પોતાના કુટુંબ પૂરતા જ મર્યાદિત ન રહેતા આખાય સમાજે ભોગવવાના આવે છે - **આર્થર મિલર**
- બુરાઈ વહી કરતે હૈ, જો બરાબરી નહીં કર સકતે - **અમૃતબિંદુ**
- બીજાની ભૂલો તો રોજમેળ રાખનારા પોતાની ભૂલોની કાચી ચીઠ્ઠી પણ નથી રાખતા - **ઈશરદાન ગઢવી**
- નજરઅંદાજ તો ઘણું કરવા જેવું છે પણ અંદાજ એવો રાખવો કે બધું નજરમાં રહે - **એસ. ભટ્ટાચાર્ય**
- એક જગ્યા એવી છે કે જયાં માણસ રહે તો એને કયારે પણ તકલીફ પડતી નથી એ જગ્યા છે 'પોતાની હદમાં' - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : ગરમ પાણી કે વરાળથી દાઝી જવાય તો તે ભાગ પર ચોખાનો લોટ છાંટવાથી તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

જાણીતા નૃત્યાંગના કુમારી સોનલ માનસિંગના દાદા મંગળદાસ સિદ્ધાંતનિષ્ઠ અને સમર્પિત વ્યક્તિ હતા. તેઓએ તેમની તમામ સંપત્તિ આઝાદીની ચળવળ માટે અર્પણ કરી દીધી હતી. મંગળદાસ ભારતના પ્રથમ પાંચ રાજયપાલોમાંના એક હતા. તેઓ જયારે મહારાષ્ટ્રના રાજયપાલ પદે હતા. તે સમયની આ વાત છે. ભારતના તત્કાલીન ગર્વનર જનરલ લોર્ડ માઉન્ટબેટન એ વખતે મુંબઈ આવવાના હતા. તેમના સન્માનમાં ગર્વનર તરફથી ભોજન સમારંભ પણ રાખવામાં આવ્યો હતો. તેમાં પીરસવામાં આળનારો વ્યંજનોથી યાદીમાં માંસાહારી વ્યંજનો પણ હતા. જયારે વ્યંજનોની યાદી રાજયપાલને દેખાડવામાં આવી ત્યારે તેમણે માંસાહારી વ્યંજનો મુદ્દો વાંધો ઉઠાવીને રદ કરવાનો આગ્રહ રાખ્યો હતો. અને તેમને માઉન્ટ બેટનને પત્ર લખી જાણ કરી હતી. કે 'હું શુદ્ધ શાકાહારી હોઈ આપના સ્વાગતમાં યોજેલ ભોજન સમારંભમાં માંસાહાર, અને શરાબ પીરસી શકાશે નહીં.' પત્ર પહોંચ્યો લોર્ડ માઉન્ટ બેટન પાસે તેમણે એ પત્ર વડાપ્રધાન નહેરુને એ પત્ર વંચાવ્યો. નહેરુ સમસી ઉઠ્યા અને મંગળદાસને ફોન કરી રાજીનામું આપવા કહી દીધું. આ પત્રની વાત નહેરુએ ગાંધીજીને પણ કરી ત્યારે ગાંધીજીએ કહ્યું, 'મંગળદાસ સાચા છે.' રાજીનામાની વાત જયારે લોર્ડ માઉન્ટ બેટનને ખબર પડી ત્યારે તેમણે નહેરુને કહ્યું, 'આ શું વાહિયાત વાત છે. હું એક દિવસ માંસાહાર કે શરાબનું સેવન નહીં કરું તો મરી નથી જવાનો. હું કોઈની ભાવનાને ઠેસ પહોંચાડવા નથી માગતો.' આવા ત્યાગી અને અડગ મંગળદાર માટે તેમને માનની લાગણી થઈ.

રાજકારણ કે લોકશાહીની નૌટંકી

તંત્રીસ્થાનેથી...

ભારતની ચૂંટણીઓને તટસ્થ અને સર્વગ્રાહી અભ્યાસ કરવામાં આવે તો એમાં નેતાઓની નાટકબાજી અને પ્રજાને યેનકેન પ્રકારેણ પટાવી - ફોસલાવી પોતાના પક્ષે કરી દઈ સત્તા મેળવી લેવાની અથવા મળી ગયેલી સત્તાને યાવચ્ચંદ દિવાકરો સાચવી રાખવાની મનોવૃત્તિ જ દેખાશે. બહુપક્ષીય સંસદીય લોકતંત્રની સૌથી નબળી કડી એ છે કે મતદાતાઓને વિચારધારા કે વ્યક્તિત્વ કરતાં પાર્ટીઓ જીતી શકવાની ક્ષમતાવાળો જે કોઈ ઉમેદવાર ઊભો કરી દીધો હોય એને સ્વીકારી લેવો પડે છે. રાજકારણમાં પરિવારવાદનો વિરોધ કરવામાં ભારતીય જનતા પાર્ટીને લોકલાગણીનો લાભ મળતો રહ્યો છે. આ હકીકતથી ભાજપની નેતાગીરી વાકેફ પણ છે એથી એ નિવૃત્ત કરાઈ દીધેલ સિનિયર નેતાઓના પુત્ર-પુત્રી કે સ્નેહીઓને બદલે બીજા સક્ષમ ઉમેદવારો શોધે છે. પરિવારવાદ ફક્ત કોંગ્રેસમાં નથી એ એનસીપી, શિવસેના, સમાજવાદી પાર્ટી અને રાષ્ટ્રીય જનતા દળ જેવા પ્રાદેશિક પક્ષોમાં પણ ભરપૂર ખીલ્યો છે. પૂર્વ વડાપ્રધાન ચરણસિંહ એમનો રાજકીય વારસો સાચવી રાખવા અમેરિકામાં કેરિયર વિકસાવી ચૂકેલા ટેકનોક્રેટ પુત્ર અજિતસિંહને પરત લઈ આવ્યા પરંતુ એ પ્રતાપી પિતાનો કિસાન નેતા તરીકેનો વારસો જાળવી શક્યા નહીં. એમને પશ્ચિમ ઉત્તર પ્રદેશના એક ટુકડા પૂરતું રાજકારણ સીમિત કરી દીધું છે અને દર વખતે આ કે તે પાર્ટી સાથે ગઠબંધન રચી પિતા પુત્ર ચૂંટણી લડતા રહે છે. ગઈ ચૂંટણીમાં બાગપતથી અજિતસિંહ અને મથુરાની બેઠક પરથી પુત્ર જયંત બેઉ હાર્યા હતા. સમાજવાદી પાર્ટીના સિદ્ધાંતોનો છેદ ઉડાડી મુલાયમસિંહે માત્ર યાદવ-મુસ્લિમ મતોનું ધ્રુવીકરણનું રાજકારણ શરૂ કર્યું અને પાર્ટીને કૌટુંબિક પેઢીમાં ફેરવી દીધી. કુટુંબના પાંચ-સાંત સભ્યો યાદવ-મુસ્લિમ વોટબેંક વાળી બેઠકો પરથી ચૂંટાઈને સંસદમાં બેસતા થઈ ગયા. આજકાલ મુલાયમસિંહની દુર્દશાના દિવસો ચાલતા હોવા છતાં એમને મૈનપુરીની પરંપરાગત બેઠક આપી રાજી રાખવાનો પ્રયાસ કર્યો છે. કાકો શિવપાલ નારાજ થઈને સામો પડ્યો છે અને ભાજપને મદદ કરી રહ્યો છે. આવી જ નૌટંકી બિહારમાં લાલુ યાદવના રાષ્ટ્રીય જનતા દળની થઈ છે. લાલુ તો ચારા કૌભાંડની સજા ભોગવી રહ્યા છે અને ચૂંટણી લડવા માટે પણ ગેરલાયક ઠરાવાયા છે. પરંતુ આ જ મુદ્દો સહાનુભૂતિમાં પરિણમતાં બિહારની પછાત પ્રજા લાલુ પરિવારની પડખે ચડી છે. તેજસ્વી લાલુનો બીજા નંબરનો પુત્ર છે. મોટો તેજપ્રતાપ રાજકીય દૃષ્ટિએ અપરિપક્વ છે. એથી એણે નાનાભાઈ સામે રીતસરનો મોરચો માંડ્યો છે અને લાલુ રાબડી પાર્ટીની જાહેરાત કરી દીધી છે ! આવી નૌટંકી પાછળ અંગત ઉપેક્ષા કરતાં તેજપ્રતાપના સસરા તરફનો પૂર્વાગ્રહ જવાબદાર છે. તેજસ્વીએ એમને સારણની લાલુ પરિવારની સીટ પરથી રાજદના ઉમેદવાર ઘોષિત કર્યા છે જે છૂટાછેડા માટે અદાલતમાં દ્વાર ખખડાવી ચૂકેલા તેજપ્રતાપને ન જ ગમે તે સ્વાભાવિક છે. બિહારને લાલુ પરિવાર બાપની જાગીર માની બેઠા છે તે જ શું આપણી લોકશાહીની વિડંબના નથી ? શરદ પવારને પુત્ર નથી એટલે એનસીપીનું સુકાન ભત્રીજા અજિત પવાર અને પુત્રીને સુપરત કર્યું છે. શિવસેનાનું કૌટુંબિક કમઠાણ સાથી પક્ષ ભાજપને પણ નડે છે. રાજકારણની નૌટંકીનું સૌથી શ્રેષ્ઠ ઉદાહરણ જમ્મુ અને કાશ્મીરની રાજકીય પાર્ટીઓ છે. ઓમર હોય કે મહેબૂબા - બેઉના ગરાસ વારસામાં મળેલો છે!

અને... અંતે પોલ ખૂલી ગઈ...

નવાં કલેવર
નટવર હેડાઉ

સોમાભાઈને પહેલેથી સમાજસેવામાં બહુ રસ અને રૂચી હતી. પરંતુ ખેતીવાડીની જવાબદારી નિભાવવામાં એટલો સમય જ મળતો નહીં કે આવી બધી પ્રવૃત્તિઓમાં સામેલ થાય. હાં, જયારથી મોટો છોકરો ખેતીવાડી અને ઘરની જવાબદારી ઉઠાવતો થઈ ગયો અને નાનો દિલ્હીથી દર મહિને પાંચેક હજારની મદદ કરવા લાગ્યો ત્યારથી તેમની સમાજસેવામાં કંઈક ઉછાળો આવ્યો હતો. તેથી હમણાંથી સોમાભાઈ પંચાયત ઉપરાંત રાજકીય પક્ષોના મંચની આજુબાજુ ચક્કર લગાવવા લાગ્યા હતા.

ચૂંટણી જેમ નજીક આવતી જતી હતી તેમ જુદા જુદા પક્ષના નેતાઓ અને કાર્યકરોનાં ધાડાં ગામમાં ઉતરવા લાગ્યા હતા. બે મુખ્ય પક્ષો ઉપરાંત અપક્ષ ઊભા રહેલા ઉમેદવારે પણ પોતાનું કાર્યાલય ખોલ્યું હતું. ગામના સ્થાનિક પ્રશ્નો જેવા કે વિજળી, પાણી, રોડ, રસ્તા, સ્વાસ્થ્યની સુવિધાઓ, શિક્ષણ, સ્વચ્છતા અને ખેડૂતોના પ્રશ્નોની ચર્ચાઓએ જોર પકડ્યું હતું.

તો બીજી તરફ રાષ્ટ્રવાદ, ભ્રષ્ટાચાર, ગરીબી નાબૂદી, ખેડૂતોનાં દેવા માફ કરવાની, આતંકી પ્રવૃત્તિઓના સફાયાની વાત અને મતદારોને લલચાવવાના નવા નવા કીમિયા આવી રહ્યા હતા.

ગામના વડીલોની સાથે સોમભાઈ પણ હવે ગામને ચોરે જઈ બેસવા લાગ્યા હતા. તેમાં એક દિવસ એવું બન્યું કે ગામમાં તેમના જ્ઞાતિના એક નેતા આવ્યા તેમણે સોમાભાઈને જરા વધુ માનપાન આપ્યું અને દિલ્હીમાં મોટી કિસાન રેલી થવાની છે. તેમાં આવવા માટે પ્રેરિત કર્યા. આ વાત સાંભળી સોમભાઈ તો રાજીના રેડ થઈ ગયા. ઘણા દિવસથી તેમની ઈચ્છા નાના દીકરા પાસે જઈ રહેવાની હતી. તેમાં આ મોકો મળી રહ્યો હતો. જાણે સોનામાં સુગંધ ભળી. વગર ખર્ચે દિલ્હી પહોંચવાનો સારો મોકો મળી રહ્યો હતો. તે ઝટ દઈને નેતાજી પાસે પહોંચ્યો અને રેલીમાં ભાગ લેવા માટે પોતાનું નામ નોંધાવી દીધું.

રેલીમાં જવાનું હતું તે દિવસે સોમભાઈ પુરી તૈયારી સાથે ચોરે આવી ગયા. બસ લગભગ ભરાઈ ગઈ હતી. તે પોતાનો બિસ્તરો અને નાના દીકરા માટે લીધેલ ચીજવસ્તુઓનું પોટલું વ્યવસ્થિત મુકી સીટ પર બેઠાં ત્યાં તો બસ ઉપડી.

સોમભાઈ એ બસમાં બેસતાં જ બસમાં બેઠેલા આજુબાજુ રહેલા લોકો તરફ નજર કરી તેમને જોવા અને ઓળખાવાની કોશિષ કરી. તેમને તો એવું કહેવામાં આવ્યું હતું કે રેલીમાં ફક્ત ખેડૂતોને લઈ જવાના છે. પણ અહીં તો કંઈક જુદું જ જણાઈ આવતું હતું. બસમાં બેઠેલા મોટા ભાગના લોકો ગામના ઉતાર, ચોરે બેસી ચોવટ કરનારા, ઉઠાવગીર ગામના લફંગા, ધુતારા અને કામધંધા વગરના લોકો હતા. જેમણે ક્યારેક હળ ચલાવ્યું નહીં હોય તે કોદાળીનો હાથો પણ પકડ્યો નહીં હોય.

તેને ખૂબ નવાઈ લાગી. વળી તે બહુ બોલકા માણસ હતા. તે ચૂપ કઈ રીતે બેસી રહે. પંચાયત હોય કે જ્ઞાતિની સભા એમાં સાચું કહેવામાં તે ક્યારેય અચકાતા નહીં પછી અહીં ફાલતું લોકોની જમાતને ખેડૂત બનેલા જોઈ એ ચૂપ બસમાં સાચવી સાચવીને ચાલતા સંયોજક પાસે પહોંચ્યા. અને બધી પોલ ખોલી નાંખી. તે જ સમયે સંયોજકે બસ ઊભી રખાવી અને સોમભાઈને બસમાંથી નીચે ઉતારી મુક્યા અને તેમનો બિસ્તરો તેમજ પોટલું પર નીચે ફેંકી બસ ધુળ ઉડાડતી આગળ વધી ગઈ.

આનંદની લાગણી કરતાં વધારે ઝડપથી ઉદાસીની લાગણી પ્રસરી જતી હોય છે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

આપણે સૌ કોઈએ ક્યારેક ને ક્યારેક તો ટ્રેનની મુસાફરી કરી જ હશે. આપણે જ્યારે ટ્રેનની લાંબી મુસાફરી કરીએ છીએ ત્યારે મુસાફરી દરમ્યાન ટ્રેનમાં કેટલીક નાનીમોટી ઘટનાઓ બનતી જ રહેતી હોય છે. મુસાફરી દરમ્યાન બનતી કેટલીક ઘટનાઓ સુખદ હોય છે તો કેટલીક દુઃખદ હોય છે. કેટલીક ઘટનાઓ આપણને ખડખડાટ હસાવી જતી હોય છે તો કેટલી આપણી આંખોમાં આંસુ લાવી દેતી હોય છે. કેટલીક ઘટનાઓ સાથે આપણને કોઈ જ નિસ્બત નથી હોતો તો કેટલી ઘટનાઓ પ્રત્યક્ષ રીતે આપની સાથે બનતી હોય છે. મુસાફરી દરમ્યાન બનતી મોટાભાગની ઘટનાઓ સાથે આપણને કશું જ લાગતું વળગતું નથી હોતું એટલે મોટાભાગની ઘટનાઓ આપણે તુરત જ ભૂલી જતાં હોઈએ છીએ. આમ છતાં કેટલીક ઘટનાઓ એવી હોય છે જેની સાથે આપણને સ્નાન-સૂતકનો સંબંધ હોય કે ના હોય છતાં એ ઘટનાઓ આપણને કાયમને માટે યાદ રહી જતી હોય છે.

એકવાર હું ટ્રેનની લાંબી મુસાફરી કરી રહ્યો હતો. લગભગ ત્રીસેક કલાકની મુસાફરી દરમ્યાન ટુ ટીયર એસી કોચમાં સામાન્ય રીતે બનતી હોય એવી નાનીનાની કેટલીક ઘટનાઓ બની. એ ઘટનાઓમાં બે ઘટનાઓ (કહો કે ઘટનાક્રમ) એવી બની જેની સાથે મારે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કઈ જ લેવાદેવા ન હતી છતાં એ ઘટનાઓ તરફ તરફ મારૂ ખાસ ધ્યાન દોરાયું. એ બે ઘટનાઓ સાથે મારો કોઈ જ પ્રકારનો સીધો કે આડકતરો સંબંધ ન હતો છતાં એ બંને ઘટનાઓ મારા સ્મૃતિપટ ઉપર કાયમને માટે રહી ગઈ.

પહેલી ઘટના આ પ્રમાણે હતી. અમારા કોચમાં, અમારા જ કમ્પાર્ટમેંટમાં ટ્રેન ઉપડી એ સ્ટેશનથી જ એક યુવાને પોતાની જગ્યા લીધી હતી. એ યુવાન એકલો જ મુસાફરી કરી રહ્યો હતો. એ યુવાને લગભગ આઠેક કલાક અમારી સાથે એ ટ્રેનમાં મુસાફરી કરી. એ આઠેક કલાકની મુસાફરી દરમિયાન સાંપ્રત સમયમાં મોટાભાગના યુવાનોના કિસ્સાઓમાં બનતું હોય છે એમ એ યુવાને વધુમાં વધુ સમય મોબાઈલ સાથે પસાર કર્યો. થોડો સમય કોઈ સાથે મોબાઈલમાં 'ચેટીંગ' કરવામાં પસાર કર્યો, થોડો સમય મોબાઈલમાં કોઈ સાથે વાતચીત કરવામાં પસાર કર્યો અને થોડો સમય કોઈ એક પુસ્તક વાંચવામાં. આઠ કલાકની મુસાફરી દરમિયાન એ યુવાને ટ્રેનમાં ભાગ્યે જ કોઈ સાથે વાત કરી હશે.

એ યુવાન જયારે મોબાઈલમાં ચેટ કરી રહ્યો હતો ત્યારે મનમાં ને મનમાં સતત હસતો રહેતો હતો. ક્યારેક એ માત્ર આછું સ્મિત આપતો હતો તો ક્યારેક ખડખડાટ પણ હસી લેતો હતો. બીજા શબ્દોમાં કહીએ તો મોબાઈલમાં 'ચેટીંગ'ના પ્રતીભાવ રૂપે મુક્ત મને હસીને પોતાની લાગણીઓ અભિવ્યક્ત કરતો હતો. જયારે એ યુવાન પુસ્તક વાંચતો હતો ત્યારે પણ એ પુસ્તકના વાંચન દરમ્યાન ક્યારેક ક્યારેક આછું સ્મિત આપતો હતો તો ક્યારેક ખડખડાટ હસી લેતો હતો. કાનમાં 'હેન્ડસ ફ્રી' નાખીને જયારે કોઈ સાથે મોબાઈલમાં વાતચીત કરતો હતો ત્યારે પણ ખુશ થઈને હસતા હસતા વાતો કરતો હતો. ટુંકમાં એ યુવાન પોતાની મુસાફરી દરમ્યાન ખુશ હતો, કારણ કોઈપણ હોય પણ પોતાની ખુશી ક્યારેક મલકાટ દ્વારા, ક્યારેક સ્મિત દ્વારા તો ક્યારેક મુક્ત હાસ્ય દ્વારા એકલો એકલો વ્યક્ત કર્યા કરતો હતો.

એ જ મુસાફરી દરમ્યાન પહેલી ઘટનાથી તદ્દન વિપરીત એક બીજી ઘટના બની. એ યુવાન આઠેક કલાકની મુસાફરી પછી કોઈ એક સ્ટેશનને ઉતરી ગયો. ત્યાર પછી કોઈ એક બીજા સ્ટેશનેથી એક આધેડ વયના મુસાફર અમારા કંપાર્ટમેંટમાં ચડ્યા. પેલો યુવાન જે સીટ ઉપર હતો તે સીટમાં જ તે આધેડ વ્યક્તિએ પોતાની જગ્યા લીધી. એ આધેડની ઉમર હશે લગભગ ચાળીસ – પીસતાળીસ વર્ષની. એ વ્યકિતએ ટ્રેનમાં પ્રવેશ કર્યો ત્યારથી જ તેના ચહેરા પર થોડીઘણી ઉદાસી દેખાતી હતી. ટ્રેનમાં એ વ્યક્તિએ પોતાની જગ્યા લીધી. ત્યાર પછી જેમ જેમ ટ્રેન આગળ વધતી ગઈ અને સમય પસાર થતો ગયો એમ એ વ્યકિતની ઉદાસી ધીરે ધીરે ઘેરી બનતી જતી હતી. એ વ્યકિત મોબાઈલ ઉપર કોઈની સાથે વાત કરતી હતી ત્યારે ક્યારેક હળવા ડૂસકાં પણ ભરી લેતી હતી. ક્યારેક એ વ્યકિત સૂનમૂન થઈને બેસી જતી હતી તો ક્યારેક તેની આંખોમાં અશ્રબિંદુઓ જામી જતાં હતા. અમારી સાથે એ વ્યકિતની ત્રણેક કલાકની મુસાફરી પછી એક પળ એવી આવી કે એ વ્યકિત પોતાના રુદન ઉપર કાબુ ના રાખી શકી. ત્રણેક કલાકથી તેના ગળામાં જે ડૂમો ભરાયો હતો એ ડૂમો અચાનક ઓગળી ગયો અને એ વ્યકિત ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

આપણે ફરી પાછા પહેલી ઘટના ઉપર આવીએ. પોતાની આઠ કલાકની મૂસાફરી દરમિયાન પેલો યુવાન એકદમ ખુશ હતો અને પોતાની ખુશી એકલા એકલા મોકળા મને વ્યક્ત કરતો હતો. એ યુવાનના ખડખડાટ હાસ્ય કે તેના ચહેરા ઉપરની ખુશી જોઈને કમ્પાર્ટમેંટના અન્ય કોઈ મુસાફરોએ તેના ઉપર ખાસ કઈ ધ્યાન આપ્યું ન હતું.

એ ખુશ મિજાજ યુવાન તરફ કદાચ કોઈનું ધ્યાન ગયું હોય તો પણ એ યુવાનની ખુશી જોઈને અન્ય મુસાફરના ચહેરા ઉપર ખુશી છવાઈ ગઈ હોય એવું બન્યું નહીં. એ યુવાનના ચહેરા ઉપરની આનંદની લાગણી જોઈને અન્ય કોઈ મુસાફર આનંદિત થયા હોય એવું બન્યું નહીં. કોઈ મુસાફરને એ યુવાન શા માટે ખુશ થતો હતો તેના કારણો જાણવામાં પણ રસ ન હતો. ટૂંકમાં એ યુવાનના સ્મિત, ખુશી કે આનંદની અન્ય કોઈ જ મુસાફર ઉપર કોઈપણ પ્રકારની ખાસ અસર થઈ હોય એવું લાગ્યું નહીં. એ યુવાન પોતાની મોજ મસ્તીમાં હતો અને મુસાફરો પોતાની. યુવાનની મસ્તી, ખુશી કે આનંદની લાગણીઓ અન્ય કોઈ જ મૂસાફરને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સ્પર્શી શકી નહીં.

(ક્રમશઃ)

થોટ
નટવર આહલપરા

સહજતા - નિર્દોષતા

સહજતા એટલે કુદરતી, સ્વાભાવિક રીતે, સહેલાઈથી મળે તેવું. નિર્દોષતા અર્થાત્ નિર્મળતા, પવિત્રતા, ઊંચાઈ પર પહોંચ્યા પછી પણ રવિશંકર મહારાજ, મોરારિ બાપુ, ડોંગરેજી મહારાજ, લાલ બહાદુર શાસ્ત્રી, પ્રમુખ સ્વામી, દયાનંદ સરસ્વતી, મધર ટેરેસા વગેરે મહાન પ્રતિભાઓ સહજતા અને નિર્દોષતાથી સભર જોવા મળે છે.

ભગવાન ઈસુ પણ સહજતા - નિર્દોષતાની જ મૂર્તિ હતા ને ? ચિંતક, સેવક, સંત, વૈજ્ઞાનિકની સહજતા આપણને હંમેશાં પ્રભાવિત કરી જાય છે.

સહજતા - નિર્દોષતા આપણને હરપળે સાવધ રાખે છે. અમૃત - વિષ, કુસંગ-સત્સંગ, સોનું-માટી વગેરે વચ્ચે આપણને સાવધ રાખે છે આપણી નિર્દોષતા.

કટુતા માણસને ઝડપથી મળી જાય છે પણ સહજતા નિર્દોષતા જલદી પ્રાપ્ત થતી નથી. સહજતાસભર જીવન જીવનારા લોકો કોઈને છેતરતા નથી.તેઓ કવિ દુલા કાગના શબ્દો પ્રમાણે જીવે છે, 'છેતરવા કરતાં છેતરાઈ જવામાં મજા છે.'

સાહજપણું વ્યક્તિના ચહેરા ઉપર દેખાય છે. તેના ચહેરાની હોરા જ કહી જાય છે કે વ્યક્તિ સહજ છે, નિર્દોષ છે. તેઓ 'મુખ મેં રામ ઔર બગલ મેં છૂરી', 'ચાવવાના જુદા અને દેખાડવાના જુદા' એમાં માનતા નથી પણ એમને એક જ રંગ હોય છે સહજભાવે રહેવું, નિર્દોષભાવે જીવવું.

આજે દાવપેચ, રાજકારણ, હરીભાઈ વચ્ચે પણ સહજતાથી જીવનારા લોકો પોતે જીવે છે અને અન્યને જિવાડે છે. જીવવાની મજા લે છે અને લેવડાવે છે.

સ્પર્ધા અને ટેકનોલોજી વચ્ચે ગ્રાહક બેંકોમાં નારાજ !

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આજના યુગમાં દરેક વ્યક્તિને બેન્કના કામ સાથે વારંવાર નાતો રાખવો જ પડે તેવી સ્થિતિ છે કેમ કે બેન્કો બધા જ પ્રકારના આર્થિક વ્યવહારોમાં વધુ ને વધુ સંલગ્ન રહેતી થઈ છે. બેન્કો એટલે સામાન્ય વ્યવહારુ ભાષામાં બચતો મૂકવાની સલામત જગ્યા અને નાણાંકીય જરૂરિયાત વખતે લોન જયાંથી મળે એ સ્થળ એટલે બેંકની શાખા. લોન આપવાના હેતુથી લોકોની બચતને એકત્ર કરી ફંડનું કુશલતાપૂર્વક સંચાલન કરવું એટલે બેન્કીગ પ્રવૃત્તિ. બેંકો વિના રાષ્ટ્ર કે લોકોને ચાલી શકે તેમ નથી પરંતુ બદલાતા સમયમાં હવે બેંકો પણ બદલાઈ ગઈ છે તેમાં બેન્કના સ્થળ, કાર્યપ્રથા, ટેકનોલોજી વગેરેમાં અમૂલ પરિવર્તન આવી ગયું છે આ હકીકત સ્વીકારવામાં કોઈ સમસ્યા નથી પરંતુ બેન્કીગ કચેરીમાં ગ્રાહક સેવાને માસ્ટર કી માનવાનાં ગાંધીજીના વાક્યો અને તસ્વીરો હવે ગુમ થઈ ગયા છે. ગ્રાહક બેંકમાં આવે અને જે સેવા આપવામાં આવે તે ગ્રાહક સેવા છે અને ગ્રાહક નહીં આવે તો ધંધાનું અસ્તિત્વ પણ નહીં જ ટકી શકે અર્થાત ગ્રાહકનો ઉપકાર માનવો જરૂરી છે આ પ્રકારના સ્લોગન બેંકોમાં હતા ! હવે સમય ઝડપી સાધનો-ઉપકરણો નેટ આધારિત એટલે બેંકોની કાર્યશૈલી જ બદલાઈ ગઈ છે. ઉપરાંત ગ્રાહક સેવા એટલે શું ? ગ્રાહક તો આવે અને જાય કંઈ ફર્ક પડતો નથી આવી માન્યતા સમગ્ર બેન્કીંગ માળખામાં ઘૂસી ગઈ છે. ગ્રાહક સેવા માટે તાલિમ, સેમિનાર, પ્રવચનો પુષ્કળ થાય છે. પણ ગ્રાહકો પરત્વે જોવાની દૃષ્ટિ જ અતિ વિકૃત થઈ છે. બધી બેન્કો હવે કોમ્પ્યુટર્સમાં જ કામ કરે છે. (સી.બી.એસ.) અને લેવડદેવડ પેમેન્ટ વગેરેના પ્રકારમાં એક જબરી ક્રાંતિ આવી ગઈ છે. આર.ટી.જી.એસ. અને એન.ઈ.એફ.ટી. આવતા ડિમાન્ટ ડ્રાફ્ટ ભૂતકાળમાં જઈ રહ્યા છે. ઈન્ટરનેટ અને મોબાઈલ બેન્કીંગમાં આવી ગયા છે. એપ્લીકેશન્સ તથા ક્રેડીટ ડેબીટ કાર્ડ આવી ગયા છે.

પેમેન્ટ સિસ્ટમ પૂરી બદલાઈ ચૂકી છે. બીજું બેન્કીંગના કામ માટે શાખા ક્રમશઃ ગૌણ થવા લાગી છે. અરે, ચેકબુકનો ઉપયોગ પણ મક્કમ ગતિથી ઘટતો જાય છે. બેન્ક શાખાનાં અંદાજે પચાસ ટકા કામ બજારમાં ઈ-કોર્નર, ઈ-લોબી જેવા સ્થળે શિફ્ટ થઈ ગયા છે. ત્યાં રોકડ નાણા ઉપાડવા, નાણા રોકડથી ભરવા, પાસબુક પ્રિન્ટ કરાવવી, ખાતામાં ચેક ભરવા વગેરે કામો મશીન્સ દ્વારા થઈ રહ્યા છે. મતલબ માણસો વગર પણ કાર્યો થઈ શકે છે હવે જે મુશ્કેલી ઊભી થઈ છે તે તેના રખરખાવ મેઈન્ટેનન્સની જોવા મળે છે, જે કામ ઈ કોર્નરમાં થાય છે તે કામ શાખામાં કરવાનું ચલણ ઘટતું જાય છે એટલે સ્થિતિ એવી વિકસતી જાય છે કે જયાં ગ્રાહક સાથે સંવાદ કે સંબંધ લુપ્ત થઈ રહ્યા છે. ગ્રાહકની સાથે કોઈ જ આત્મીયતા ઊભી થતી નથી અથવા નવી પેઢીનાં બેન્ક કર્મચારીઓને ગ્રાહક એક શીરદર્દ જેવા લાગી રહ્યા છે ! બેન્કીંગ પ્રવૃત્તિ એ સેવાકીય એકમ હોય છે પરંતુ હવે ડિજિટલ પ્રોડક્ટસમાં કશું મફતમાં નથી ! ડગલે ને પગલે વિવિધ પ્રકારના ચાર્જિસ ગ્રાહક પાસેથી વસુલવામાં આવી રહ્યા છે. ચાર્જ ખાતામાં ઉપડે કે તરત મોબાઈલમાં મેસેજ આવે ત્યારે ખબર પડે કેમ કે બેન્કીંગ શાખામાં ચાર્જિસની માહિતી દીવાલો ઉપર મૂકવાની સૂચના છે તેની ખબર પણ ગ્રાહકોને હોતી નથી. ગ્રાહક બજારનો રાજા પણ આર્થિક જે વ્યવહારો બેંક દ્વારા થાય છે ત્યાં એ બિચારો કે રંગ થઈ જાય છે. આ સિવાય શાખામાં કોણ કઈ કામની પ્રવૃત્તિમાં છે એ ગ્રાહકને ખબર હોતી નથી પરંતુ તેને વિનમ્રતાથી કોઈ જવાબ પણ આપતું નથી આ સ્થિતિ ગમે તે શહેરની કોઈ પણ શાખામાં સામાન્ય બની ગઈ છે. બધા ગ્રાહકો શિક્ષિત હોય એવું માની લેવું એ પણ ઉચિત નથી. ગ્રાહકોની સ્થિતિ દયાજનક બની છે.

ગ્રાહકોનાં વિવિધ પ્રકારો અને તેમને કરવી પડતી જરૂરી મદદ અંગે પણ બેંકોની શાખામાં અભિગમનો જબરો અભાવ જોવા મળે છે. ગ્રામ્ય લોકો ને જમા સ્લીપ ભરવામાં માનો કે ખબર પડતી નથી તો કોઈ સહાય કરવા માટેની તત્પરતા વ્યક્ત કરતું નથી અથવા માત્ર શાખા પ્રબંધકને જ બધુ કરવાનું હોય તેવા પ્રકારના વાતાવરણને અવકાશ મળ્યો છે. શાખા પ્રબંધક ને જે ગંભીરતા હોય છે તેનાથી ચોથા ભાગની ગંભીરતા અન્ય કર્મચારીઓમાં જોવા મળતી નથી. ગ્રાહક વર્ગ પ્રત્યે કોઈ ગંભીરતા શા માટે રહી નથી તેનો સર્વેક્ષણ રિઝર્વ બેંક ઝડપથી કરાવીને કંઈક નક્કર સુધારણા કરે તેવી તાતી જરૂરિયાત ઊભી થઈ છે. સરકારી ક્ષેત્રની બેંકોએ સરકાર હસ્તકની છે માટે કાર્યર